ઑગસ્ટ 2024 માં નિર્મિત
સમીક્ષાની તારીખ: ઑગસ્ટ 2027


# પ્રથમ પરીક્ષણો અને સ્કેન

## વાંચવામાં સરળ સંસાધન

આ સંસાધન બહુવિધ ભાષાઓમાં ઉપલબ્ધ છે. વધુ માહિતી માટે તમારા મિડવાઇફને પૂછો

Sussex
Local Maternity & Neonatal System

# પ્રથમ પરીક્ષણો અને સ્કેન




તમે ગર્ભવતી છો એ અમને જણાવો એટલે તમારા મિડવાઇફ તમને ચકાસણીઓ કરવાની રજૂઆત કરશે.

આ તમારા તથા તમારા શિશુના સ્વાસ્થ્ય અને સલામતી માટે છે. તેમાં રક્ત પરીક્ષણો અને સ્કેનનો સમાવેશ થાય છે.



ચકાસણીઓ તમારી ગર્ભાવસ્થા દરમ્યાન જુદાજુદા સમયે થશે.

તમારા મિડવાઇફ તમને જણાવશે કે આ ક્યારે થશે.



તમારે માટે એક જ પરીક્ષણ એક કરતા વધુ વખત કરવામાં આવી શકે. તમારા અને તમારા શિશુ બાબતે બધું બરાબર છે એ ચકાસવા માટે આમ કરવામાં આવે છે.

તમે કોઈ રક્ત પરીક્ષણ અથવા સ્કેન કરાવવા માટે હા અથવા ના પાડી શકો છો.


Sussex Local Maternity & Neonatal System

# પ્રથમ પરીક્ષણો અને સ્કેન

## રક્ત પરીક્ષણો અને રસીકરણ



તમારી GP પ્રેક્ટિસ અથવા મિડવાઇફ દ્વારા હાથ ધરાતા પરીક્ષણો વિનામૂલ્યે છે.



રક્ત પરીક્ષણો આને માટે ચકાસણી કરશે:


- સિકલ સેલ રોગ અને થેલેસીમિયા
- રક્તનો પ્રકાર
- Rhesus (રીસસ) સ્થિતિ
- ચેપ



Sussex
Local Maternity & Neonatal System

# પ્રથમ પરીક્ષણો અને સ્કેન


## રક્ત પરીક્ષણો અને રસીકરણ




સિકલ સેલ રોગમાં રક્ત તમારાં શરીરમાં બધે જઇ શકવું મુશ્કેલ બને છે.

રક્ત અટકી જઇ શકે જે તમારા અને તમારા શિશુ માટે ભયજનક બની શકે છે.


જો તમે સિકલ સેલ રોગ હોય તો તમારે માટે વધારાની ચકાસણીઓ કરવી જરૂર રહશે.




તમારા રક્તમાં એક પ્રોટીન છે કે કેમ તે જાણવા માટે રીસસ સ્થિતિ ચકાસણી.


જો તમે રીસસ ઘટક નકારાત્મક ધરાવતા હોવ, તો તમારા શિશુને સલામત રાખવા માટે તમારે અન્ય ચકાસણીઓની જરૂર પડશે.

# પ્રથમ પરીક્ષણો અને સ્કેન
## રક્ત પરીક્ષણો અને રસીકરણ



ચેપમાં હેપટાઇટિસ B, સિફિલિસ અને HIV નો સમાવેશ થાય છે.

જો તમને કોઈ ચેપ હોય, તો તમારી ટીમ તમને સારવાર ઉપલબ્ધ કરાવશે. તમે તમારા સારવાર વિકલ્પો વિશે પ્રશ્નો પૂછી શકો છો.



રસીકરણ તમને અને તમારા શિશુને સલામત રાખશે.

તમારી કાળજી ટીમ ચકાસશે કે તમે ક્યા રસીકરણો કરાવી ચૂક્યાં છો.


તેઓ તમને પૂછશે કે તમે પોતાને અને તમારા શિશુને સલામત રાખવા માટે રસીકરણ કરાવવા માંગો છો કે કેમ.



Sussex Local Maternity & Neonatal System


# પ્રથમ પરીક્ષણો અને સ્કેન

## સ્કેન



તમારે માટે સ્કેન કરાવવા માટેના જુદાજુદા કારણો હોઈ શકે. ગર્ભાવસ્થાની શરુઆતમાં સ્કેન તપાસો:

- તમારા શિશુનું કદ
- હૃદયના ધબકારા
- તમારું શિશુ ક્યાં સ્થિત છે
- તમને કેટલા શિશુઓ છે
- તમારું શિશુ સારી રીતે વૃદ્ધિ પામી રહ્યું છે કે કેમ




એક ન્યુકલ ટ્રાન્સલ્યુસન્સી સ્કેન (NT) તમારા શિશુની ડોકની પાછળની બાજુએ આવેલી જગ્યાને જુએ છે.
તે આમને માટે ચકાસણી કરે છે:

- ડાઉન્સ સિન્ડ્રોમ
- એડવર્ડ્સ સિન્ડ્રોમ
- પટાઉસ સિન્ડ્રોમ

# પ્રથમ પરીક્ષણો અને સ્કેન

## સ્કેન




આ ચકાસણીઓ પહેલાં તમારે કંઈ કરવું જરૂરી હોય તો તમારા મિડવાઇફ તમને જણાવશે.

તમે તમારા મિડવાઇફને પ્રશ્નો પૂછી શકો છો.



તમામ ચકાસણીઓ તાલીમબદ્ધ વ્યવસાયિકો દ્વારા હાથ ધરવામાં આવે છે.

તેઓ તમને પરિણામો સમજવામાં અને આગામી પગલાં શું હશે તે સમજવામાં ટેકો આપશે.

તમારી કાળજી અંગે નિર્ણયો લેવાનો અધિકાર તમને છે.



Sussex
Local Maternity &
Neonatal System

# પ્રથમ પરીક્ષણો અને સ્કૅન



ક્યારેક એવું બની શકે કે તમારી ગર્ભાવસ્થા અંગે તમને વધારાની મદદની જરૂર પડે. તમે કોઈપણ બાબતે ચિંતિત હોવ તો તમારી કાળજી ટીમ સાથે વાત કરો.

આ તમને અને તમારા શિશુને સ્વસ્થ રાખવા માટે આયોજનમાં મદદ કરશે.




મિડવાઈફને ક્યારે કૉલ કરવો તે જોવા નીચેની લિંક પર ક્લિક કરો.


જો તમને ઇન્ટરનેટ સુગમ ન હોય તો તમને એક નકલ પ્રિન્ટ કરી આપવા તમારા મિડવાઇફને કહો.

[tommys.org/pregnancy-information/health-professionals/free-pregnancy-resources/poster-when-call-midwife](https://tommys.org/pregnancy-information/health-professionals/free-pregnancy-resources/poster-when-call-midwife)



Sussex
Local Maternity & Neonatal System

# પ્રથમ પરીક્ષણો અને સ્કૅન





તમારી ગર્ભાવસ્થા દરમ્યાન તમારે તમારા મિડવાઇફને કૉલ કરવાની જરૂર પડે તેવું બને. તમે નીચે આપેલા નંબરમાંથી એકનો ઉપયોગ કરીને આવું કરી શકો. તમારા મિડવાઇફ કઈ હૉસ્પિટલમાં કામ કરે છે તે બાબતે તમે ચોક્કસ ન હોવ તો તમારા મિડવાઇફને પૂછો.

- Conquest Hospital, St Leonards (કોન્ક્વેસ્ટ હૉસ્પિટલ, સેન્ટ લીઓનાડ્ર્સ)
  0300 131 4500
- Eastbourne District General Hospital (ઇસ્ટબૉર્ન ડિસ્ટ્રિક્ટ જનરલ હૉસ્પિટલ)
  0300 131 4500
- Royal Sussex County Hospital, Brighton (રોયલ સસેક્સ કાઉન્ટી હૉસ્પિટલ, બ્રાઇટન)
  01273 696955
- Princess Royal Hospital, Haywards Heath (પ્રિન્સેસ રોયલ હૉસ્પિટલ, હેયવડ્ર્સ હીથ)
  01444 441881
- St Richard's Hospital, Chichester (સેન્ટ રિચડ્ર્સ હૉસ્પિટલ, ચિચેસ્ટર)
  01243 788122
- Worthing Hospital (વર્થિંગ હૉસ્પિટલ)
  01903 205111
- East Surrey Hospital (ઇસ્ટ સરે હૉસ્પિટલ)
  01737 768511



Sussex
Local Maternity & Neonatal System

# પ્રથમ પરીક્ષણો અને સ્કૅન

**તમને ગર્ભાવસ્થા દરમ્યાન ટેકો આપવા માટે વધુ માહિતી માટે, કૃપા કરી અહીં જુઓ:**

ગર્ભાવસ્થા સંબંધિત સ્થિતિઓ - NHS
nhs.uk/pregnancy/related-conditions

ગર્ભાવસ્થામાં રસીકરણ - ટોમીઝ
tommys.org/pregnancy-information/im-pregnant/antenatal-care/vaccinations-pregnancy

ગર્ભાવસ્થામાં મારા ક્યા પરીક્ષણો થશે - ટોમીઝ
tommys.org/pregnancy-information/im-pregnant/antenatal-care/what-tests-will-i-have-during-pregnancy

રાષ્ટ્રીય FGM ટેકા માટે ક્લિનિક્સ - NHS
nhs.uk/conditions/female-genital-mutilation-fgm/national-fgm-support-clinics

જો તમને ઇન્ટરનેટ સુગમ ન હોય તો તમે તમારા મિડવાઇફને ઉપરની કોઇપણ લિંકમાંની માહિતી પ્રિન્ટ કરી આપવા કહી શકો છો.



Sussex
Local Maternity &
Neonatal System